## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

બેઠાં-બેઠાં ચિંતા થઇ ગઇ,
મચ્છર માર્યું, હિંસા થઇ ગઇ !
દિલમાં આયાતોની મોસમ,
આંખો ભગવદગીતા થઇ ગઇ.
માણસથી મન મોટું થઇ ગ્યું,
મનથી મોટી ઈચ્છા થઇ ગઇ.
છે કૈં માણસ જેવી ચિંતા ?
કૂતરાની પણ ઈર્ષા થઇ ગઇ !
કઈ રીતે સમજાવું એને ?
બોલ્યાં પહેલાં કીટ્ટા થઇ ગઇ !
આંગળીઓને ખોટું લાગ્યું,
અંગૂઠાથી શિક્ષા થઇ ગઇ.
વાંસલડીમાં તાર લગાવ્યાં,
રાધા જાણે મીરાં થઇ ગઇ.

- નિનાદ અધ્યારુ

### પાથેય

- રમેશ ઠક્કર

# મનથી મોટી ઈચ્છા...

લાખો જીવો ધરતી ઉપર વિહરે છે એ તમામને કોઇ ને કોઇ ઇચ્છા થતી રહે છે..માણસનું મન તો એષણાઓના ભંડાર જેવું છે..ફરક એ છે કે અન્ય જીવોની પાસે ફક્ત ઇચ્છા હોય છે માણસ પાસે ઇચ્છાશક્તિનો અખૂટ ખજાનો છે.આ એક અમુલખ ખજાનો છે.માનવજીવનનો ઇતિહાસ હોય છે સંસ્કૃતિ હોય છે. કોઇ પશુજીવન કે પ્રાણીજીવનની આવી ધરોહર હોતી નથી.એનું કારણ છે અન્ય પ્રાણીઓ કરતાં અલગ માણસને મળેલી બુધ્ધિ અને વિચાર કરવાની શકિત..મક્કમ મનોબળ ધરાવતો માણસ ધારે એ રીતે કુદરતે ગોઠવેલી અજાયબ સૃષ્ટિને પણ મનગમતો ઘાટ આપી શકે છે.પ્રાણીમાત્ર એને મળેલા જન્મજાત આવેગો મુજબ વર્તન કરે છે.એક મનુષ્ય જ એવું પ્રાણી છે જે પોતાના સ્વભાવથી પર જઈને પણ વર્તી શકે છે.પોતે વિશિષ્ટ છે એવો ભાવ જો માણસ રાખી એ મુજબ પ્રયાસો કરે તો એ પણ સર્જક બની શકે છે.

આ વાત કંઇ નાનીસૂની નથી.આપણી સંવેદના કે અંતરાત્મા આપણને જે સૂચન કરે એ મુજબ આપણામાં રહેલી સુષુપ્ત શકિતઓને સંકોરવી જોઇએ.મુઠ્ઠીભર હાડકાંના માલિક મહાત્મા ગાંધીએ પોલાદી અંગ્રેજ શાસન સામે જે ટંકાર કર્યો હતો એની પાછળ એમનો દ્રઢ સંકલ્પ કારણભૂત હતો..પાશેર જેટલી કોરી ખીચડી ખાઇને દરરોજ માઇલોની મુસાફરી પારમાર્થિક હેતુ માટે કરનારા મૂકસેવક એવા રવિશંકર મહારાજ પ્રબળ ઇચ્છાશકિતનું ઉત્તમ ઉદાહરણ છે.

મોટાભાગના લોકો એમને કુદરતી રીતે મળેલા કોચલામાં પડી રહે છે.અને પોતાની અવદશા માટે કિસ્મતને કોશતા જોવા મળે છે.જે લોકો જગતને કશુંક આપી ગયા છે અથવા પ્રચલિત માપદંડોથી અલગ રાહ ચીંધી ગયા છે એમની પાસે મૂડીમાં ફક્ત મક્કમ મનોબળ જ મુખ્ય હતું.જગતનાં મહાન યુધ્ધો જીતનારા વિજેતાઓ એમની પાસેના ઓજારો કે સૈનિકોની સંખ્યાના કારણે નહીં પણ એમની વ્યૂહરચના અને આત્મવિશ્વાસ થકી જ સફળતા પામ્યાના દાખલાઓ છે.

જે માણસ સતત શીખવાની વૃત્તિ રાખે.અને પોતાના જીવનનું ચોક્કસ ધ્યેય નક્કી કરી શકે એ જ મક્કમ મનોબળનો માલિક બની શકતો હોય છે.દરેક મહાન માણસની પાસે પોતાની રીતે ઝઝૂમવાની એક આગવી રીત હોય છે.બેન્જામીન ફ્રેંકલીન એની નોંધપોથીમાં દરરોજ પોતાની મર્યાદાઓની યાદી બનાવી ટપકાવતો..એ પછી નિરાંતે એ ખામીઓ ઉપર નજર કરી એને કઈ રીતે દૂર કરવી એનું આયોજન કરતો.એની આ પધ્ધતિથી જ એણે એક અવતારમાં કેટકેટલાં કામો સફળતાપૂર્વક પાર પાડ્યાં એ વિસ્મય ઉપજાવે છે.આપણી ઉણપો અને નિષ્ફળતાઓના ઢગલા ઉપર મહેનત અને નિષ્ઠાથી સરસ મજાનાં ગુલાબ ઉગાડી શકવાની ક્ષમતા ફક્ત આવા માણસો પાસે જ હોય છે !

# ચકો અને ચકી, ખીચડી અને મેગી (એક મસ્ત મસ્ત મોર્ડન વાર્તા)

એક હતો ચકો અને એક હતી ચકી.
ચકો ચોખાનો દાણો લઈને ઘરે આવ્યો.
ચકી બહાર ગઈ હતી.
ચકાને ભૂખ લાગી હતી.
ચકાને થયું કે ચકી મગનો દાણો લઈને આવે એટલે હું ગેસ પર ખીચડીનું કૂકર ચડાવું.
ચકીને આવતાં વાર થઈ.
ચકાએ વ્હોટ્સ-અપ પર મેસેજ મૂક્યો.
"વહાલી, ઝટ ઘરે આવ. મને કકડીને ભૂખ લાગી છે."
ચકીએ જવાબમાં હસતું ઈમોજી મૂક્યું. ચકો દર્દભર્યું હસ્યો.
ચકો પરંપરાગત પતિ જેવો ઉતાવળિયો નહોતો.
ઠાવકો અને ધીરજવાન હતો.
તેણે ઝરૂખા પર ઊભા રહીને શાંતિથી ૧૦-૧૫ મિનિટ સુધી રાહ જોઈ.
ચકીબહેનનો કોઈ અત્તો-પત્તો જ નહીં.
ચકાએ બીજો વ્હોટ્સ અપ મેસેજ મૂક્યો.
"વ્હાલી, વ્હાલી... ઊડતી ઊડતી જલદી આવ.
મગનો દાણો લાવવાનું ભૂલતી નહીં,
ખીચડી બનાવવાની છે. મને ભૂખ લાગી છે."
ચકીબહેને તરત જવાબ આપ્યો. "ઓન ધ વે જ છું. તરત આવું છું. મારા સ્વીટ સ્વીટ ચકારાણા."
સંદેશ વાંચીને ચકાની અરધી ભૂખ મરી ગઈ.
ધડધડ કરતી ચકી આવી.
જોકે તે મગનો દાણો લાવી નહોતી.
ચકો કહે, "હવે ખીચડી કેવી રીતે બનાવીશું ? મને તો ભૂખ લાગી છે."
ચકી હસીને કહે, "મારા ભોળિયા રાજા, મેં 'ઝોમેટો' પર મેગીનો ઓર્ડર આપી દીધો છે. હમણાં આવી જશે."
ચકો કહે, "મેગી ? પણ મારે તો ખીચડી ખાવી છે".





ચકી અકડાઈને બોલી કે "ખીચડી... ખીચડી... ખીચડી...કેટલાં વર્ષોથી આપણે ખીચડી ખાઈએ છીએ. લોકોએ આપણા નામે એક વાર્તા બનાવી દીધી અને તેમાં ખીચડી ઘૂસાડી દીધી એટલે બસ આપણે ખીચડી જ ખાવાની ?"

ચકો કહે, "શાંત થા, ચકી શાંત થા. ખીચડી આરોગ્ય માટે ખૂબ સારી છે. તે પચવામાં હલકી હોય છે. આ તને મેગી ખાવાનું ક્યાંથી મન થયું તે મને સમજાતું નથી. એ તો નડે"

ચકી કહે, " ડાર્લિંગ, તું જ કહે, જીવનમાં કોઈ ચેન્જ જોઈએ કે નહીં ? વર્ષોથી એકની એક ખીચડી ખાઈને હું તો કંટાળી ગઈ છું. તું ચોખાનો દાણો લાવે, હું મગનો દાણો લાવું અને પછી આપણે ઘરે જ ખીચડી બનાવવાની ! કેટલાં વર્ષ આવું ચાલે ? આગળ વધવું હોય તો કંઈક ફેરફાર સ્વીકારવો પડે."

ચકો વિચારમાં પડી ગયો.
ચકીએ પૂછ્યું, "કયા વિચારમાં પડી ગયો, માય સ્પેરો ?"
ચકો વ્યંગમાં કહે, "હું વિચારું છું કે આપણે આગળ વધીને ક્યાં જવાનું છે ?"
ચકી કહે, "તમે આડું-આડું ના બોલો. સો વાતની એક વાત, હું તો આજે મેગી જ ખાઈશ અને તમને પણ ખવડાવીશ."
ચકો ગભરાતાં ગભરાતાં બોલ્યો, "ડીઅર, તારે મેગી ખાવી હોય તો ખાજે, મને મેગી માફક નહીં આવે."
ચકી કહે, "અરે યાર, ટ્રાય કરો તો ખબર પડે ને કે માફક આવશે કે નહીં ! તમને ખબર છે મેગી બનાવતી એક કંપની ૧૫૦ વર્ષ જૂની છે અને તેણે પોતાના લોગોમાં આપણને-ચકો-ચકીને મૂક્યાં છે ! જો એ આપણને આટલું માન આપે અને આપણે મેગી નાખાઈએ તો યોગ્ય ના કહેવાય."

ચકો કહે, "એમણે આપણને લોગોમાં મૂક્યાં અને ખીચડીની વાર્તાવાળા ભારતે આપણને ખીચડીની કોઈ બ્રાન્ડના લોગોમાં ના લીધાં. બોલો, આ વિદેશના લોકો કેવા ચતુર છે. ખીચડીવાળાંને મેગી સાથે જોડીને અબજો રૂપિયા કમાઈ લીધા. કોઈ વાંધો નહીં, ચકી, તું મને શાંતિથી સાંભળ. મારી વહાલી ચકુડી, તું સ્વસ્થ રીતે વિચાર કર. આપણે ખીચડીવાળાં છીએ, મેગીવાળાં નથી. આપણા શરીરને, આપણા પાચનતંત્રને, આપણા ખિસ્સાને, આપણા પર્યાવરણને બધાને ખીચડી જ માફક આવે. મેગીના રવાડે ચડવા જેવું નથી." ચકી ધૂઆંપૂઆં થઈ ગઈ. મોટેથી બોલી, "તમે તો જૂનવાણી જ રહ્યા. મોર્ડન બનો મોર્ડન. કોઈ નવા વિચારો તમને ગમતા જ નથી. જમાના પ્રમાણે ચાલવાનું, સૉરી, ઊડવાનું શીખો. તમને ખબર છે કે ખીચડી બનતાં અરધો કલાક થાય છે અને મેગી તો માત્ર બે મિનિટમાં બની જાય છે. મેગીમાં આપણો ઘણો કીમતી સમય પણ બચે છે." ચકો ધીમેથી જવાબ આપે છે: "આપણે એવું તો શું કરવાનું હોય છે ચકી કે સમય બચાવવાની જરૂર હોય. અને ચકી, મેં મેગી ખાતા લોકોના ઘરમાં જોયું છે કે એ બચેલો સમય તેમને સંડાસમાં વધુ બેસી રહેવું પડે છે. ચકી, મારી સખી, મારી વાત માન. મેગીનો ઓર્ડર કેન્સલ કરી દે. તું મગનો દાણો લાવી નથી તો આપણે એકલા ભાત ખાઈને ચલાવી લઈશું. અરે આજનો દિવસ ઉપવાસ ખેંચી કાઢીશું, પણ મેગી તો નહીં જ ખાઈએ." ચકીએ તો તરત જ પોતાનું મોઢું ફુલાવ્યું. ચકીબહેન તો ઉપલા લેવલે રિસાઈ ગયાં. એટલી વારમાં ઝોમેટોવાળો આવીને ગરમ-ગરમ મેગી આપી ગયો.



મેગીની મસ્ત મસ્ત સુગંધથી આખો માળો ભરાઈ ગયો.
ચકીબહેન તો તરત જ ટોપ લેવલના મૂડમાં આવી ગયાં.
ચકાએ નમતું જોખ્યું. આમેય ભૂખ તો લાગેલી જ હતી. તે મેગી ખાવા તૈયાર થઈ ગયો.
ચકા-ચકીએ સામસામે બેસીને વાતો કરતાં કરતાં ગરમાગરમ મેગી ખાધી.
એ રાત્રે ચકા-ચકીને પેટમાં સખત ચૂંક આવી. પહેલી વખત ખાધેલી મેગીએ અંદર જઈને ભારે તોફાન કર્યું.
ચકા-ચકીએ અજમો ફાક્યો, પેટ પર હીંગ ચોપડી. સોડા પીધા પણ કોઈ ફરક નહીં.
નાછૂટકે ચકાએ મોડી રાત્રે જીવદયા સંસ્થામાં ફોન કર્યો. તરત તેમને લેવા સ્વયંસેવકો સાથેની વાન આવી. બંને જીવદયાની પક્ષીઓ માટેની વિશેષ હૉસ્પિટલમાં દાખલ થયાં.
સમયસર સારવાર મળી એટલે બંનેને તરત સારું થઈ ગયું.
હૉસ્પિટલમાંથી ચકો-ચકી ઘરે ગયાં એટલે ચકીબહેને બાર મહિનાના ચોખા અને મગની દાળ ભરી લીધી. ખીચડી ભેળવીને તેને દીવેલથી મોઈને મોટા પીપમાં પણ ભરી લીધી.
હવે કોઈ મેગીનું નામ લે તોય ચકીબહેનને ગમતું નથી.
ઓનલાઈન કે ઓફલાઈન, તેમને મેગી પર મોટી ચોકડી મારી દીધી છે.
ચકી સાંભળી ના જાય તે રીતે ચકો ધીમેથી કહે છે, જે વાર્યાં ના વરે તે હાર્યાં વરે.
હવે ચકી બધાંને કહેતી ફરે છે કે મેગી કરતાં ખીચડી બેસ્ટ છે.
મેગી તો ક્યારેય ના ખવાય, ખીચડી તો રોજ ખવાય.
ચકો-ચકી જે સત્ય સમજ્યાં તે માણસ જાત ક્યારે સમજશે ?

મો. ૯૮૨૪૦૩૪૪૭૫

# શરીરની કરચલી એટલે વૃદ્ધત્વ જ નહીં પણ અનુભવની ખાણ

નિરાંત...
વૃક્ષ પર સુંદર માળો બાંધીને
મન મહીં ચકલી વિચારે છે
ઠેર ઠેર ઉડવાની તકલીફ નહીંને
વૃક્ષે વૃક્ષે વસવાની ચિંતા નહીં રે
મારો પોતાનો આ રૂડો માળો ને
મારો પોતીકો આ વસ્તાર રે,
હાશ ! આ માળામાં કેવી નિરાંત રે!
અરે! આ ઘરમાં કેવી મિરાત રે!
વીત્યો સમયને...
બચ્ચાં થયાં,
ચાંચમાં ચાંચ નાંખી ચકી
બચ્ચાંને પોષે
સોડમાં લપાઈ બચ્ચાં
નિરાંતે ઊંઘે
મોટાં થયાં બચ્ચાં
ફૂટ્યો પાંખોમાં ફફડાટ
માળાની બહાર ડોકીયું કર્યું
નવીન દુનિયા જોવાને ઊડ્યું
સાંજ પડી પણ પાછું ન ફર્યું
રાહ જોઈ ચકી થાકી, મનમાં વિચાર્યું
કરી જેના માટે આ મહેનત
શું એણે નવી દુનિયા દીધી વસાવી !
મારી મમતાની માયા પણ ના અડી
વિચારોની પરંપરા ચાલી
ચકીએ મમતાને અપેક્ષાથી અળગી કરી
પછી ચકી નિ..રાં..તે. સૂતી

- અનિલા શાહ

એક સ્ત્રીના જીવનનો સૌથી વધુ સુંદર પડાવ એટલે માતામાંથી દાદી બનવાનો, નાનીમા બનવાનો આનંદ, પૌત્ર-પૌત્રી સાથે રમવાનો આનંદ. ઉંમરના આ પડાવે પહોંચેલી સ્ત્રી પાસે અનુભવનું વિશાળ ભાથું હોય છે. ગમે તેટલી જટિલ પરિસ્થિતિને પણ એ કુશળતાપૂર્વક handle કરી શકે છે. તે હવે વધુ શાંત, સ્થિર અને મક્કમ હોય છે. તેનામાં માફ કરવાની, જતુ કરવાની અને સહન કરવાની ગજબની તાકાતના દર્શન પરિવારના તમામ સભ્યોને થાય છે. હવે તે પોતાની જાત પ્રત્યે થોડી વધુ સજાગ બની ગયી છે, સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખતી થઈ છે. જો કે તેનું કારણ પોતે પીડા ન ભોગવવી પડે એટલું જ નથી પરંતુ, તે જાણે છે કે ઘરના સભ્યોને તેના બિમાર થવાથી હેરાન થવું પડશે. તે ઘરના તમામ સભ્યોની સુખ-સગવડનો વિચાર કરે છે. તેના જીવનની તમામ નાની-મોટી ક્ષણોનું એક આખેઆખું મૂવી તેના માનસપટ પર રમતું રહેતું હોય છે. એકાંતમાં બેસીને કયારેક તે આંખો બંધ કરીને પોતાની જિંદગીના recap ને માણતી વખતે હસી પણ લે છે અને રડી પણ લે છે! હવે તેનામાં આમ કર્યું હોત કે તેમ કર્યું હોત ના બદલે 'હશે' માં જ વાત પૂરી કરીને આગળ વધવાની સમજણ આવી ગઈ છે.

> **જયારે સ્ત્રીના જીવનના આ તબક્કે તેના જીવનસાથીનો હાથ તેનાથી છૂટે ત્યારે તેના પર આભ તૂટી પડ્યું હોય તેમ તે સાવ ખાલી થઈ જાય છે. પણ હિંમત રાખીને બાળકો પર તેની અસર વધુ ગંભીર ન થાય તે માટે તે જાગૃત રહે છે.**

સ્ત્રી જયારે જીવનના આ અંતિમ ચરણમાં પહોંચે ત્યારે તેની દીકરી અને પુત્રવધૂ તેની સૌથી વધુ અંગત મિત્ર બની જાય તો જીવનની આ સંધ્યા ખુબ સુંદર રીતે ખીલી ઊઠે છે. તેને હવે પારકી પંચાતમાં પડવું ગમતું નથી. જીવનના આ તબક્કે તેના માટે ત્રણ બાબતો ખૂબ જ અગત્યની હોય છે. એક તેનું તંદુરસ્ત સ્વાસ્થ્ય, બીજું તેની આર્થિક સ્થિરતા અને સૌથી વિશેષ અગત્યની બાબત પરિવારના તમામ સભ્યોનો તેના પ્રત્યેનો પ્રેમ અને આદર. તે પરિવારના સભ્યોની પોતાની તરફની ઉપેક્ષા સહી શકતી નથી. તે થોડી વધુ સંવેદનશીલ બની ગઈ હોય છે. પોતાની વ્યથા કે વેદના તે જાહેરમાં વ્યક્ત થવા દેતી નથી. પરંતુ અંદરથી તેને સતત ઝંખના હોય છે કે તેને આખીય જિંદગી મહેનતપૂર્વક, લાગણીથી અને પ્રેમપૂર્વક જે પરિવારને પોષ્યો અને સ્નેહથી સીંચ્યો છે તે આજે હર્યોભર્યો અને મહેકતો પરિવાર રહે. ઘરમાં તેણે અનુભવી હતી તે આજે સદંતર ગાયબ જણાય છે. તે હવે પરિવારના સભ્ય તરીકે પુત્રવધુને સ્વીકારી ચૂકી હોય છે. પોતાના પતિનું સ્વાસ્થ્ય, માતા-પિતાની આબરુ, બાળકોનું ભણતર એ તમામ સુપેરે સાચવ્યાનો સંતોષ એની આંખોમાં એક અનોખી ચમક અને આત્મવિશ્વાસમાં અકલ્પનીય વધારો કરી દેતો હોય છે. જીવનના આ તબક્કે તેના માટે સૌથી વધુ હૂંફ તેના જીવનસાથી તરફથી મળે તેવી તેને અપેક્ષા હોય છે.




જયારે સ્ત્રીના જીવનના આ તબક્કે તેના જીવનસાથીનો હાથ તેનાથી છૂટે ત્યારે તેના પર આભ તૂટી પડ્યું હોય તેમ તે સાવ ખાલી થઈ જાય છે. પણ હિંમત રાખીને બાળકો પર તેની અસર વધુ ગંભીર ન થાય તે માટે તે જાગૃત રહે છે. એકાંતમાં ચોક્કસ આંસુ સારી લે છે પણ પોતાના ઘર પરિવારને વીખેરાઈ જવાથી બચાવી લે છે. હવે ઈશ્વર સાથેનું તેનું અનુસંધાન વધુ ગાઢ બની જાય છે. પોતાની જાતને ઈશ્વરમાં વધુ પરોવી અન્ય દુન્યવી વસ્તુઓની અને બાબતોથી તે અલિપ્ત બની જાય છે. પરંતુ, એનો અર્થ એ નથી કે તે ખુશ રહેવાનું ભૂલી જાય છે. તે પુત્રવધુ સાથે બેસીને મૂવી પણ જોવે છે અને પૌત્ર-પૌત્રીને વાર્તા પણ સંભળાવે છે. વૃદ્ધત્વનો પણ એક ચાર્મ હોય છે એ તેના ચહેરા પરથી ઝળકતો સ્પષ્ટ જોઈ શકાય છે. આસપાસની કોઈ પણ સ્ત્રીની કોઈપણ પ્રકારે મદદ કરવા તે તત્પર રહે છે. તેનામાં સંયમ, સ્થિરતા અને ધૈર્ય હોવાને કારણે તે પોતાની વાત વધુ સારી રીતે સામેની વ્યક્તિને સમજાવી શકે છે કોણ કહે છે કે સ્ત્રીને સમજવી મુશ્કેલ છે, આ તો એક સંવેદના છે જેને વર્ણવી ન શકાય માત્ર અનુભવી જ શકાય છે! એક સ્ત્રી અન્ય સ્ત્રી સાથે પ્રેમપૂર્વક સમજીને રહે અને દુશ્મન ન બને તો વિશ્વની કોઈ સ્ત્રી કયારેય મજબૂર, લાચાર કે પીડિત નહીં રહે

Last Seen :
**શરીરની કરચલી
એટલે વૃદ્ધત્વ જ નહીં
પણ
અનુભવની ખાણ.**

- પારસ એસ. હેમાણી 'આપણી વાત'

- nehalgadhavi101@gmail.com

# ઉત્તરાધિકાર અને મિલકતનો અધિકાર

અત્યંત પિતૃસત્તાક અને પિતૃસત્તાક સમાજ તરીકે ભારતના લાંબા ઈતિહાસને કારણે, ન તો ભારતીય મહિલાઓ કે પુરૂષોને અવિભાજિત કુટુંબની સંપત્તિમાં ભાગીદાર બનવાની કે સફળ થવાના હકદાર બનવાની તક મળી નથી. તેમાં થોડો સમય લાગ્યો હોવા છતાં, સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવા અને તેમના જીવનમાં ગૌરવની લાગણી વધારવા માટે ઉત્તરાધિકારને લગતા નિયમોની જરૂરિયાત અનુભવાઈ હતી. હિંદુઓ, શીખો, જૈનો, બૌદ્ધો અને મુસ્લિમો સિવાય, દરેકને ૧૯૨૫ના ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ હેઠળ વારસો મેળવવાનો સમાન અધિકાર હતો. આ સમુદાયો માટે મુસ્લિમોને બાદ કરતાં હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૨૫ તરીકે ઓળખાતા કાયદાનો એક અલગ ભાગ ઘડવામાં આવ્યો હતો. તે ૧૯૫૬ અને ૧૯૯૧ માં થોડી ખામીઓ અથવા પ્રતિબંધોને કારણે સંશોધિત કરવામાં આવી હતી. આ અધિનિયમ મુજબ, હિંદુ મહિલાઓ અને અમુક અન્ય જૂથોની મહિલાઓનો વિલની ગેરહાજરીમાં તેમના માતા-પિતાની સંપત્તિ પર સમાન દાવો હતો, પરંતુ મહિલાઓ લગ્ન સમયે આ દાવાને છોડી દેવાનું પસંદ કરતી હતી, કદાચ દહેજને ચૂકવણી તરીકે લેતી હતી. ભાગ સ્ત્રીઓ વારંવાર તેમના હકોનો દાવો કરવામાં અચકાતી હતી કારણ કે આમ કરવાથી તેમના જન્મજાત પરિવાર સાથેના તેમના સંબંધો બગડી શકે છે. જો કે, હિંદુ અવિભાજિત કુટુંબને હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમની જોગવાઈઓનો ઉપયોગ કરવાની બાંયધરી આપવામાં આવે છે કે વંશની પુરુષ વંશ મિલકતની માલિકી ચાલુ રાખશે. એક છોકરી તેના પિતાના હિસ્સામાં માત્ર ભાગ મેળવે છે; છોકરાને તેના પિતા જેટલો હિસ્સો મળે છે. જ્યાં સુધી તેણીએ છૂટાછેડા લીધા ન હોય અને છોકરાઓ હજુ પણ ત્યાં રહેતા હોય ત્યારે ઘરની અસ્કયામતોમાંથી તેણીનો વાજબી હિસ્સો એકત્રિત કરવામાં અસમર્થ હોય ત્યાં સુધી તેણીને કુટુંબના ઘરમાં રહેવાની પરવાનગી નથી. હિંદુ મહિલાનો પણ તેના વૈવાહિક ઘર પર કોઈ દાવો નથી જ્યાં સુધી તે દર્શાવી ન શકે કે તે તેના પૈસાથી ખરીદવામાં આવ્યું હતું. જો કે, આ કાયદો આ મુદ્દાને ઉકેલવામાં અસમર્થ હતો કારણ કે અન્ય કાયદો - મિતાક્ષર કોપાર્સેનરીઝ (હિન્દુ કાયદો) -એ મહિલાઓના અધિકારો પર વધુ નોંધપાત્ર અસર કરી હતી. મિતાક્ષરા સહપારીઓ અનુસાર, સંયુક્ત પરિવારની પુત્રી પાસે છોકરા કરતાં મિલકતનો ઘણો ઓછો હિસ્સો હતો. જો કુટુંબ પાસે ઘર હોય, તો પુત્રીના અધિકારો ત્યાં રહેવાના અધિકાર સુધી મર્યાદિત હતા, તેને હસ્તગત કરવા અથવા માલિકી રાખવાના નહીં.

શરિયતે ઔપચારિક રીતે કેટલાક મુસ્લિમ નિયમોનું સંહિતાકરણ કર્યું છે. છૂટાછેડા લીધેલા અને છોકરાઓ હજી પણ ત્યાં રહે છે ત્યારે ઘરની સંપત્તિમાંથી તેણીનો વાજબી હિસ્સો એકત્રિત કરવામાં અસમર્થ છે. હિંદુ મહિલાનો પણ તેના વૈવાહિક ઘર પર કોઈ દાવો નથી જ્યાં સુધી તે દર્શાવી ન શકે કે તે તેના પૈસાથી ખરીદવામાં આવ્યું હતું. જો કે, આ કાયદો આ મુદ્દાને ઉકેલવામાં અસમર્થ હતો કારણ કે અન્ય કાયદો - મિતાક્ષર કોપાર્સેનરીઝ (હિન્દુ કાયદો) -એ મહિલાઓના અધિકારો પર વધુ નોંધપાત્ર અસર કરી હતી. મિતાક્ષરા સહપારીઓ અનુસાર, સંયુક્ત પરિવારની પુત્રી પાસે છોકરા કરતાં મિલકતનો ઘણો ઓછો હિસ્સો હતો. જો કુટુંબ પાસે ઘર હોય, તો પુત્રીના અધિકારો ત્યાં રહેવાના અધિકાર સુધી મર્યાદિત હતા, તેને હસ્તગત કરવા અથવા માલિકી રાખવાના નહીં. શરિયતે ઔપચારિક રીતે કેટલાક મુસ્લિમ નિયમોનું સંહિતાકરણ કર્યું છે. પુત્રો પાસે માતાપિતા જેટલો જ મિલકતનો અધિકાર છે. આ કાયદો દરેક સ્ત્રીને વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, કુટુંબના છોકરા તરીકે પૂર્વજોની મિલકતનો વારસો મેળવવાનો સમાન અધિકાર આપે છે.




૧૯૫૬ નો હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ આ કાનૂન દ્વારા સંપૂર્ણપણે રદ કરવામાં આવ્યો છે, જે છોકરીઓને "હિન્દુ મિતાક્ષર કોપાર્સેનરી પ્રોપર્ટી" માં છોકરાઓની જેમ સમાન અધિકારો આપે છે. જો કે, એકલા સૈદ્ધાંતિક સુધારાઓ પુરૂષો સાથે સમાન રમતના મેદાનમાં તમામ ભારતીય મહિલાઓને સંપત્તિનો અધિકાર આપવા માટે પૂરતા નથી. તેના પર પ્રદેશ અને ધર્મની અસર પડે છે. જ્યાં કાયદાએ તેમને સ્થાપિત કર્યા હોય ત્યાં પણ સંમેલનો અને પ્રથાઓ અધિકારોને સ્વીકારતા નથી. સ્ત્રીઓ પોતાના અધિકારોનો ત્યાગ કરે છે. સ્ત્રીઓ સામાન્ય રીતે હારી જાય છે અને વારંવાર વંચિતતા અનુભવે છે, પછી ભલે તે પુત્રીઓ હોય, જીવનસાથી હોય, પુત્રવધૂ હોય, માતા હોય કે બહેનો હોય. એવા ઘણા કાયદા છે જે લિંગ ભેદભાવને પ્રતિબંધિત કરે છે, પરંતુ તેમાંથી કોઈ પણ સમાજમાં પરિવર્તન લાવવા અથવા ક્રાંતિ લાવવા માટે પૂરતા પ્રમાણમાં સફળ નથી. મુસ્લિમ કાયદાએ પુત્રો, પુત્રીઓ અને વિધવાઓને મિલકતનો સમાન હિસ્સો ફાળવવાની તુર્કીની પ્રથા અપનાવવાની જરૂર છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in